આઇસીડીએસ યોજના હેઠળ આંગણવાડી બાંધકામ/માળખાકીય સુવિધાઓના નાણાંકીય દરોમાં સુધારા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઇસીડી-૧૧૨૦૧૮-૧૩-બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૨-૦૨-૨૦૧૮

<u>સંદર્ભ:-</u>

(૧) ભારત સરકારશ્રીના પત્ર ક્રમાક નં.No.11-36/2016-CD-I, તા.૨૩/૧૧/૨૦૧૭.

(૨) ભારત સરકારશ્રીના પત્ર ક્રમાક નં.CD-II -14/2/2017-CD-II, તા.૦૮/૧૨/૧૭.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્ર નં એન–૩/આઇસીડીએસ બાંધકામ/ચાલુ બાબત/કમ્પો સુધારા/૧૦૯૯/૧૮, તા.૦૬/૦૧/૧૮

<u>ઠરાવઃ-</u>

સંદર્ભ-(૧) થી ભારત સરકારશ્રી દ્વારા UMBRELLA "INTEGRATED CHILD DEVELOPMENT SERVICES" અંતર્ગત I.C.D.S. યોજના એ આંગણવાડી સર્વિસીસ (ANGANWADI SERVICES) તરીકે તા.૦૧-૧૨-૨૦૧૭ થી નવા નામાભિધાનથી ઓળખાશે તેમજ સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આઈસીડીએસ યોજનાના સહાયના ધોરણોમાં ભારત સરકારશ્રી દ્વારા સુધારા વધારા કરવામાં આવેલ છે. સંદર્ભ-(૨) થી વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલા Annual Programme Implementation Plan (APIP) ની વહીવટી મંજુરી UMBRELLA I.C.D.S. હેઠળ ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ છે. ઉક્ત બાબતો પૈકી આંગણવાડીની માળખાકીય સુવિધા/ બાંધકામને લગતી બાબતો જેમાં આંગણવાડી કેન્દ્રોના મકાન ભાડા, આંગણવાડી કેન્દ્રોના નવા મકાન બાંધકામ, આંગણવાડી કેન્દ્રોના મકાનના રીપેરીંગ અને અપગ્રેડેશન, તથા આંગણવાડી મકાનમાં શૌચાલય તથા પાણીની સુવિધાની બાબતો અંગે ભારત સરકારશ્રી દ્વારા નાણાંકીય દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

૨. ભારત સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ ઉક્ત સુધારા-વધારા/ આપવામાં આવેલ ઉપરોક્ત મંજુરીના અનુસંધાને સંદર્ભ-(૩) ના કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના પત્રથી તે અંગે

જરૂરી મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે. તદ્દ અન્વયે હવી નીચે પ્રમાણેની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.

[૧] આંગણવાડી કેન્દ્રોનું મકાન ભાડું

ગ્રામ્ય/આદિજાતી વિસ્તારના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂ.૧૦૦૦/-, શહેરી વિસ્તાર આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂ.૪૦૦૦/- તથા મહાનગર પાલિકા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂ.૬૦૦૦/- લેખે દર માસે જોગવાઇ કરવામાં આવેલ છે.

બજેટ હેડ:-

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬પોષણ |
| પેટા મુખ્યસદર | : | ૦૨ (પોષણ ખાધ અને પીણાંની વહેંચણી) |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧ સંકલિત બાળ વિકાસ યોજના (જનરલ પ્લાન) |

બજેટ હેડ:-

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૯૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬પોષણ |
| પેટા મુખ્યસદર | : | ૦૨ (પોષણ ખાધ અને પીણાંની વહેંચણી) |
| ગૌણ સદર | : | ૭૯૬ ટ્રાયબલ એરીયા સબ પ્લાન / અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧ સંકલિત બાળ વિકાસ યોજના (ટ્રાયબલ પ્લાન) |

[૨] રીપેરીંગ અને અપગ્રેડેશન

આંગણવાડી કેન્દ્રોના અપગ્રેડેશનમાટે આંગણવાડી દીઠ રૂ.૨૦૦૦૦૦/- લેખે તથા રીપેરીંગ માટે આંગણવાડી દીઠ રૂ.૩૦૦૦/- લેખે (સરકારી પોતાના મકાનો માટે) જોગવાઇ કરવામાં આવેલ છે.

બજેટ હેડ:-

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ (પ્લાન) |
| મુખ્ય સદર | : | ૪૨૩૬પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ (પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ) |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૩-એનટીઆર-૯, આંગણવાડીનું મરામત અને અપગ્રેડશન (પ્લાન) |

[3] આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલય તથા પાણીની સુવિધા

આંગણવાડી કેન્દ્રોના મકાનમાં શૌચાલયની સુવિધા માટે આંગણવાડી દીઠ રૂ.૧૨૦૦૦/- લેખે (સરકારી પોતાના મકાનો માટે) તથા પાણીની સુવિધા માટે આંગણવાડી દીઠ રૂ.૧૦૦૦૦/- લેખે જોગવાઇ કરવામાં આવે છે.

બજેટ હેડ:-

માંગણી નંબર : ૧૦૬ (નોન પ્લાન)

મુખ્ય સદર : ૪૨૩૬પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ (પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ)

ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર : ૦૩-એનટીઆર-૯, આંગણવાડીનું મરામત અને અપગ્રેડશન (પ્લાન)

[૪] આંગણવાડીનાંનવા મકાન બાંધકામ (મનરેગા)

આંગણવાડી કેન્દ્રોના નવા મકાન બાંધકામ અંગે મનરેગા દ્વારા આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૫૦૦૦૦૦/- તથા આઇસીડીએસ દ્વારા આંગણવાડી દીઠ રૂ.૨૦૦૦૦૦/- પૈકી ભારત સરકારશ્રીના ૫૦% મુજબ રૂ.૧૦૦૦૦૦/- તથા રાજ્ય સરકારશ્રીના ૫૦% મુજબ રૂ.૧૦૦૦૦૦/-લેખે કેન્દ્ર સરકાર દ્વારા ૫૦:૫૦ ના રેશીયા મુજબ જોગવાઇ કરવામાં આવે છે.

બજેટ હેડ:-

માંગણી નંબર : ૧૦૬

સદર : ૪૨૩૬પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ (પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ)

ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર : ૦૧ - એનટીઆર-૫, નમુનારૂપ આંગણવાડીનું બાંધકામ (પ્લાન)

ઉક્ત કમ્પોનન્ટ્સમાં દર્શાવ્યા મુજબ આંગણવાડી બાંધકામ /માળખાકીય સુવિધા માટે સુધારેલા નાણાંકીય દરોમાં સંદર્ભ(૧) અને (૨)ની મંજુરી તેમજ સંદર્ભ(૩) ની દરખાસ્ત અનુસાર તા.૧/૧૨/૨૦૧૭ થી અમલી કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

3. આ અંગેનો ખર્ચ જે તે બજેટ સદર હેઠળ કરવામાં આવેલ નાણાંકીય વર્ષ ૨૦૧૮ – ૧૯ ની જોગવાઇમાં થી કરવાનો રહેશે.

૪. આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨.૨.૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલાઅને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી (મ.બ.ક.) સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી (મ.બ.ક.) સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, આઇ.એસ.ડી.સી., કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ ...........
મ્યુ. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ .........
ડે. મ્યુકમિશ્નરશ્રી ., મહાનગર પાલિકા, તમામ .........
જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા તમામ .......
સિલક્ટ ફાઇલ